# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ

## કડી - ગાંધીનગર

# વિદ્યાર્થી આશ્રમથી કડી સર્વ વિશ્વવિદ્યાલય સુધીની વિકાસયાત્રા : એક ઝલક

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ
કડી



# કડી કેમ્પસ

## સંસ્થા અગ્રણી






## ભવન પરિદ્રશ્ય



# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ

## કડી - ગાંધીનગર

## વિદ્યાર્થી આશ્રમથી વિશ્વવિદ્યાલય સુધીની વિકાસયાત્રા : એક ઝલક

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ
કડી

Sarva Vidyalaya Kelavani Mandal, Kadi - Gandhinagar
Vidyarthi Ashramathi Vishwavidyalaya Sudhini Vikasyatra : Ek Jhalak
Published by : Vallabhabhai M. Patel,
Chairman, Sarva Vidyalaya Kelavani Mandal - Kadi
Opp. Railway Station, Kadi, Dist. Mehsana, Gujarat,
2018

©

**પ્રકાશક**
વલ્લભભાઈ એમ. પટેલ
ચેરમેન
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી
રેલવે સ્ટેશન સામે, કડી - ૩૮૨૭૧૫, જિ. મહેસાણા

**પ્રકાશન વર્ષ**
૨૦૧૮

**મુદ્રક**
શ્રી ભગવતી પ્રિન્ટીંગ પ્રેસ
સેક્ટર-૨૩, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૦૮૧૫

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી

## વિદ્યાર્થી આશ્રમથી વિશ્વવિદ્યાલય સુધીની વિકાસયાત્રા : એક ઝલક

### ૧. પૂર્વભૂમિકા

આજે ઘેઘૂર વડલાની જેમ ફૂલીફાલી રહેલ **'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ'**, કડી–ગાંધીનગર ગુજરાતના એક ગૌરવપ્રદ કેળવણી મંડળ તરીકે સુવિખ્યાત છે. આ મંડળની સ્થાપના સમાજ સુધારણા અને રાષ્ટ્રભાવનાની ચળવળની ૨૦મી સદીની પ્રથમ પચીસીમાં કડવા પાટીદાર સમાજના સરઢવમાં ભરાયેલ સંમેલનમાં 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ' નામ હેઠળ તા. ૮/૬/૧૯૧૯ના રોજ કરવામાં આવી હતી. આ સંમેલનના ઠરાવ અનુસાર કડીમાં 'કડવા પાટીદાર વિદ્યાર્થી આશ્રમ'ની સ્થાપના તા. ૨૩/૩/૧૯૨૦ (સંવત ૧૯૭૬ના ચૈત્ર સુદ ૨ ને સોમવાર) ના રોજ કરવામાં આવી. સમાજના અગ્રણીઓ દ્વારા સરકારી સ્કૂલોમાં સાચી કેળવણીનો અભાવ અનુભવીને બે વર્ષ બાદ તા. ૧/૩/૧૯૨૨ના રોજ કડીમાં 'શ્રી પાટીદાર વિદ્યાલય'ની સ્થાપના કરવામાં આવી હતી. આ સમાજના ગાંધીવિચારથી પ્રભાવિત કેટલાક દીર્ઘદ્રષ્ટાઓએ કેળવણી મંડળનું નામ જ્ઞાતિ આધારે રાખવામાં ઔચિત્ય ન જોતાં સમાજે 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' નામે નવી સંસ્થાની સ્થાપના કરી અને વિદ્યાલયનો વહીવટ નવા મંડળને સોંપ્યો. 'શ્રી પાટીદાર વિદ્યાલય' પણ 'સર્વ વિદ્યાલય' તરીકે ઓળખાયું. આગળ જતાં ટ્રસ્ટ એક્ટ હેઠળ આ મંડળની નોંધણી કરાવવામાં આવી હતી.

## ૨. ટ્રસ્ટ એક્ટ હેઠળ સંસ્થાની નોંધણી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીની ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધણી કરાવવામાં આવી છે. નંબર ઈ–૩૨૨, તા. ૨૩–૧–૧૯૫૩, મહેસાણા છે.

## ૩. કેળવણી દ્વારા સમાજસુધારો

વિદ્યાર્થી આશ્રમ અને વિદ્યાલયની સ્થાપના, નિભાવ અને સંવર્ધનમાં પૂજ્ય છગનભા મુખ્ય પ્રેરકબળ અને પ્રાણતત્ત્વ હતા. પૂર્વભવના સંસ્કારવશ ભકિતના રંગે રંગાયેલા અને વેદાંતના અભ્યાસી છગનલાલ પીતાંબરદાસ પટેલ (૧૮૬૩–૧૯૪૦) (છગનભા) સંન્યાસ લેવાની તીવ્ર તાલાવેલી સાથે કાશી ગયા હતા. પરંતુ તેમના ગુરુવર્ય સ્વામી શ્રી કેશવાનંદે સમાજને અંધકારમાંથી બહાર લાવવાની પ્રેરણા પૂરી પાડતાં વતનમાં પરત થઈ કડીને જ પોતાની સાધનાભૂમિ – તીર્થભૂમિ બનાવી. સમાજમાં પ્રચલિત કુરિવાજો જેમ કે બાળલગ્ન, કજોડાં લગ્ન, મરણ બાદ બારમાની પ્રથા તથા અંધવિશ્વાસ વગેરેની નાબૂદી અર્થે પૂજ્ય છગનભા અને તેમના સાથીઓએ ભારે સંઘર્ષ વેઠ્યો હતો. તેમણે અનુભવ્યું કે આ બધું સભા–સરઘસો, સંમેલનો અને ભાષણોથી શકય બનશે નહીં. આ માટે તો કેળવણી જ એક માત્ર ઉપાય છે તેમ સ્વીકારીને વિદ્યાર્થી આશ્રમની સ્થાપનાને સૌ પ્રથમ અગ્રતા આપી. સરઢવમાં તા. ૮/૬/૧૯૧૯ ના રોજ ભરાયેલ સભામાં જ પૂ. છગનભાએ આશ્રમ શરૂ ન થાય ત્યાં સુધી ભોજનમાં મિષ્ટાન નહીં લેવાનો અને ત્યારબાદ સમયાન્તરે આશ્રમનું ભવન ન બંધાય ત્યાં સુધી દિવસમાં એક વખત જમવાની પણ પ્રતિજ્ઞા લીધી હતી. કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ દ્વારા કડીમાં ૬ વિદ્યાર્થીઓથી આશ્રમ શરૂ કર્યા બાદ છગનભાએ ગામે ગામ ફરીને વાલીઓને તેમનાં બાળકોને શાળાએ મોકલવાની પ્રેરણા આપીને સમાજને શિક્ષણ ક્ષેત્રે જાગૃત કરવા ભારે પુરુષાર્થ કર્યો હતો. પરિણામસ્વરૂપે આશ્રમ સ્થપાયાના થોડાંક વર્ષોમાં વિદ્યાર્થીઓથી આશ્રમ ઉભરાવા લાગ્યો. આ આશ્રમ અને વિદ્યાલયના બાળકોના સંસ્કાર ઘડતરમાં અને સમાજમાં પ્રચલિત

કુરૂઢિઓની નાબૂદીમાં છગનભાનું ઘણું મોટું પ્રદાન રહ્યું છે. વિદ્યાલયની સ્થાપના પાછળનું તેમનું ધ્યેય પ્રાચીન ગુરુકુળની પરંપરાનું અણીશુદ્ધ નિર્વહણ કરતી વિશાળ ફલકવાળી કેળવણીની સંસ્થા તરીકે વિકસાવવાનું રહ્યું હતું. અહીં તેમણે ગૌશાળા પણ શરૂ કરી. આ શાળાનો વિદ્યાર્થી સ્વાવલંબી બને તે હેતુસર સુથારી, લુહારી, ઈલેક્ટ્રીક વગેરેના શિક્ષણ માટે વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. ત્યારબાદ આઈ.ટી.આઈ. અને ટેક્નિકલ સ્કૂલ પણ શરૂ કરવામાં આવી.

## ૪. મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડ અને ગાંધીજી : શાળાની મુલાકાતે

ખૂબ જ ટૂંકા સમયગાળામાં આ શાળાની કીર્તિ એક રાષ્ટ્રીય કેળવણીની સંસ્થા તરીકે પ્રસરી ગઈ. વડોદરાના મહારાજા શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે આ વિદ્યાલયની મુલાકાત તા.૪/૧/૧૯૨૬ના રોજ લીધી હતી. કેળવણીપ્રેમી મહારાજાએ અહીંની શિક્ષણપ્રથા રસપૂર્વક નિહાળીને પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે, "ગઈ કાલે રાત્રે મને તમારી સંસ્થા બંડખોર છે તેવું જણાવવામાં આવ્યું અને મેં તમારી સંસ્થાની મુલાકાત રદ કરી હતી. પણ સવારના ફરવા નીકળ્યો અને મનમાં થયું કે મારે આ બંડખોર સંસ્થા જોવી. મેં બારીકાઈથી બધું જોયું. મને લાગે છે કે... આવાં બંડ મારા રાજયમાં ગામેગામ થાય... અહીં મારું સ્વપ્નું સાકાર થતું જોઉં છું." મહાત્મા ગાંધીજીએ પણ આ સંસ્થાની મુલાકાત તા. ૨૩ જુલાઈ, ૧૯૨૯ના રોજ લીધી હતી. તેમણે જાહેર સભાને સંબોધતાં જણાવ્યું હતું કે, "આ સંસ્થાની મુલાકાત લેવા હું એક વર્ષથી આતુર હતો. આ સંસ્થા પાછળ છગનભાઈ વગેરે વ્યક્તિઓ પોતાનું સર્વસ્વ રેડી રહી છે. અહીં તમારાં છોકરાંને મોકલવા તૈયાર થાઓ તો તે સારી કેળવણી પામી શકે છે. અક્ષરજ્ઞાન કરતાં પણ વધુ મૂલ્યવાન આચાર અને વિચારની શુદ્ધિ તેમને અહીં મળશે." વખતોવખત આ સંસ્થાની મુલાકાતે ગણમાન્ય કેળવણીકારો, સાહિત્યકારો, સમાજસેવકો, રાજદ્વારીઓ વગેરે આવ્યા છે, અને તેમણે સૌએ સંસ્થા દ્વારા કરવામાં આવતી શૈક્ષણિક મૂલ્યોની માવજત અંગે હૃદયનો રાજીપો વ્યક્ત કર્યો છે.

## ૫. સ્વાતંત્ર્યની લડત અને સર્વ વિદ્યાલય

ગાંધીજીની આગેવાની નીચે ચાલતા સ્વતંત્રતા આંદોલનમાં આ સંસ્થાના સંચાલકો, આચાર્યો, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ આગળ પડતો ભાગ લીધો હતો. અને કેટલાકે જેલવાસ પણ વેઠ્યો હતો. સ્વતંત્રતા આંદોલનના ક્રાંતિકારીઓએ આ સંસ્થામાં રાત્રિ નિવાસ કરેલો તથા સુંદરમ્ અને ઉમાશંકર જેવા સુપ્રસિદ્ધ કવિઓ પણ આ આંદોલન નિમિત્તે આ સંસ્થામાં આવેલા અને આ જ કાર્ય નિમિત્તે ઈ.સ. ૧૯૩૫માં આ સંસ્થામાં વિરાટ છાત્ર સંમેલન ભરાયું હતું.

## ૬. અન્ય સંસ્થાઓનું સંચાલન

સંસ્થાનો ઉત્તમ વહીવટ અને ઉજ્જવળ પરિણામો જોઈને વિસનગર, વડનગર, પિલવાઈ અને બલોલનાં કેળવણી મંડળોએ પોતાની સંસ્થાઓનો વહીવટ આ સંસ્થાને સોંપ્યો હતો. વખત જતાં તે તે સંસ્થાઓ પગભર થતાં પોતાનો વહીવટ  પોતે સંભાળવા લાગી. હાલ વડનગરની સંસ્થાનો વહીવટ આ સંસ્થા સંભાળે છે.

## ૭. કડી કેમ્પસમાં કાર્યરત સંસ્થાઓ

કડી કેમ્પસમાં વિવિધ શાળાઓ ઉપરાંત ઉચ્ચશિક્ષણમાં વિવિધ અભ્યાસક્રમો ચલાવતી કૉલેજોની સ્થાપના સમયાન્તરે થતી રહી છે, જેની યાદી પરિશિષ્ટમાં સામેલ છે. આ હર્યુંભર્યું અને હરિયાળું કેમ્પસ ૪૧ એકર જેટલી વિશાળ ભૂમિમાં વિકસી રહ્યું છે.

## ૮. ગાંધીનગર શાખાની સ્થાપના અને શૈક્ષણિક સંસ્થાઓનું વટવૃક્ષ

ગુજરાતની રાજધાનીના શહેર તરીકે ગાંધીનગરની સ્થાપના કરવામાં આવતાં ગુજરાત સરકાર દ્વારા ૧૯૭૭માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળને ગાંધીનગરમાં

શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું, અને આ હેતુસર મંડળને ૧૩ એકર જમીન ફાળવવામાં આવી. આ ઉપરાંત સમયાન્તરે ફાર્મસી, એન્જિનિયરિંગ અને નર્સિંગ કૉલેજોની સ્થાપના માટે ૨૦ એકર જેટલી જમીન સરકાર દ્વારા ફાળવી આપવામાં આવી છે. મંડળ દ્વારા ગાંધીનગરનાં ત્રણેય કૅમ્પસોમાં પ્રાથમિક શાળાથી શરૂઆત કરીને સ્નાતક, અનુસ્નાતક અને પીએચ.ડી. સુધીના શિક્ષણ માટે વિવિધ સંસ્થાઓ સ્થાપવામાં આવી છે. જેમાં પી.ટી.સી., બી.એડ્., એમ.એડ્., બી.એ., બી.એસસી., એમ.એસસી., બી.ફાર્મ., એમ.ફાર્મ., બી.બી.એ., એમ.બી.એ., બી.સી.એ., એમ.સી.એ., એમ.એસસી. (આઈટી), પી.જી.ડી.સી.એ, બી.કોમ., એમ.કોમ. (અંગ્રેજી માધ્યમ), વિવિધ વિષયોમાં બી.ઈ., એમ.ઈ., પોલિટેક્નિક, બી.એસસી. અને એમ.એસસી. નર્સિંગ, બેચલર ઑફ ફિઝિયોથેરાપી, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં તૈયારી કરાવવા માટે આઈ.એ.એસ. (ટ્રેનિંગ સેન્ટર), લલિતકલાઓ વગેરેના શિક્ષણ માટે ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ વિદ્યાસંસ્થાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ટૂંકાગાળાના બહુવિધ વ્યાવસાયિક અભ્યાસક્રમો સંબંધિત કૉલેજો દ્વારા ચલાવવામાં આવે છે. મંડળ દ્વારા શરૂ કરવામાં આવેલી સેલ્ફ ફાઈનાન્સ કૉલેજો સંદર્ભે ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે આ મંડળે ગુજરાતમાં સૌ પ્રથમ સેલ્ફ ફાયનાન્સ ધોરણે ફાર્મસી કૉલેજની સ્થાપના કરી હતી. આજે આ કૉલેજ ગુજરાતની ફાર્મસી કૉલેજોમાં પોતાની આગવી ગુણવત્તા અને શ્રેષ્ઠ પરિણામો માટે ખ્યાત છે. (મંડળ સંચાલિત શાળા–કૉલેજો અને છાત્રાલયોની યાદી માટે જુઓ પરિશિષ્ટ ૧ અને ૨).

## ૯. સ્વનિર્ભર યુનિવર્સિટીની સ્થાપના

સર્વ વિદ્યાલય કેળવણી મંડળની વિકાસકૂચ સતત ઉર્ધ્વગતિએ ચાલુ રહી છે તેનું એક વધુ પ્રમાણ એ કે ગુજરાત વિધાનસભાએ વર્ષ ૨૦૦૭માં એક્ટ નંબર ૨૧ 'કડી સર્વ વિશ્વવિદ્યાલય' ગાંધીનગર પસાર કરી પ્રાયવેટ સ્વનિર્ભર યુનિવર્સિટી સ્થાપવાની અનુમતિ પ્રદાન કરી, જેને યુજીસીની પણ માન્યતા

મળી છે. આ યુનિવર્સિટી દ્વારા વિવિધ વિદ્યાશાખાઓમાં સ્નાતક, અનુસ્નાતક, એમ.ફીલ. અને પીએચ.ડી.ના શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે. સંસ્થાના કર્ણધારો આ યુનિવર્સિટીને 'University of Excellence' તરીકેની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા કૃતનિશ્ચયી છે. આજે દુનિયામાં ગ્લોબલાઈઝેશન – સંસ્કૃતિ સંમેલનની પ્રક્રિયા ચાલી રહી છે તેમાં સહાયક બનવા સંસ્થાએ અમેરિકાની ફ્લોરિડા એટ્લાન્ટિકા સ્ટેટ યુનિવર્સિટી સાથે MOU – જોડાણ કર્યું છે. આ ઉપરાંત ભારતની ૩૨ જેટલી સંસ્થાઓ સાથે પણ MOU – જોડાણ કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીદર્શનથી પ્રભાવિત અને સંસ્થા માટે સમર્પિત એવા ઋષિકુળના આચાર્યો સમા શ્રી પોપટલાલ પટેલ, શ્રી બાપુભાઈ ગામી, શ્રી નાથાભાઈ દેસાઈ, શ્રી મોહનલાલ પટેલ, શ્રી મનુભાઈ પટેલ વગેરે તથા કર્તવ્યપરાયણ શિક્ષકો અને કર્મચારીઓ મળ્યા જે આ સંસ્થાનું મોટું સદ્ભાગ્ય છે. કર્મયોગી આચાર્યશ્રીઓ અને શિક્ષકોની કાર્યનિષ્ઠાના પરિણામે કડી **'ઉત્તર ગુજરાતના કાશી', 'કડી સોનાની દડી', 'No Study Without Kadi'** જેવી લોકોક્તિઓથી અલંકૃત થયું. આ સાથે જ નોંધવું રહ્યું કે આ મંડળ દ્વારા ગાંધીનગરમાં શાળા શરૂ કરવામાં પૂ. દાસકાકાનું અને પ્રાયઃ ઉચ્ચમાધ્યમિક સુધી શિક્ષણ પૂરું પાડતા આ મંડળને (કડીની પ્રમુખ સ્વામી સાયન્સ કૉલેજને બાદ કરતાં) ઉચ્ચગુણવત્તા સભર વિવિધ વિદ્યાશાખાઓની કૉલેજોની અને પોતાની આગવી સ્વનિર્ભર યુનિવર્સિટી – 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ની સ્થાપના કરાવવામાં સદ્ગત ચેરમેન માણેકલાલ પટેલનું સીમાચિહ્નરૂપ પ્રદાન રહ્યું છે. અને સંસ્થાના પ્રવર્તમાન હોદ્દેદારશ્રીઓ સંસ્થાવિકાસને વિશેષ ગતિ આપી રહ્યા છે, જેની યાદી પરિશિષ્ટ-૩માં આપેલી છે.

શતાબ્દીના વર્ષમાં પ્રવેશેલ આ મંડળ ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસની એક મહત્ત્વપૂર્ણ કડી છે. ગુજરાતના સામાજિક, શૈક્ષણિક, આર્થિક અને રાજકીય વિકાસમાં આ મંડળનો નોંધપાત્ર ફાળો રહ્યો છે. આ મંડળ સંચાલિત વિવિધ શાળા–કૉલેજોના વિદ્યાર્થીઓએ એનકવિધ ક્ષેત્રે ઉચ્ચતમ સિદ્ધિનાં શિખરો હાંસલ કર્યાં છે, જે સંસ્થા માટે ગૌરવરુપ છે. હાલમાં (વર્ષ ઈ.સ.૨૦૧૮)

આ સંસ્થામાં દોઢ હજાર જેટલા શિક્ષકો સહિત કુલ ૨૫૦૦ કર્મચારીઓ અને ૫૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ કાર્યરત છે. આવી આ ગરવી સંસ્થાના ઝળહળતા ઈતિહાસની ઝાંખી મેળવવા માટે આ જ સંસ્થાના સેવાનિવૃત્ત આચાર્ય અને શીલભદ્ર સારસ્વત, સર્જક શ્રી મોહનલાલ પટેલ કૃત **'પ્રજ્ઞાદીપ છગનભા'** (૧૯૮૯, પુનર્મુદ્રણ ૨૦૦૭, ૨૦૧૮) અને **'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી–ગાંધીનગર અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી સંક્ષિપ્ત ઈતિહાસ'** (૨૦૧૫) વાંચી જવા ભલામણ છે.

## ૧૦. સંચાલકો / મંડળની આગવી મુદ્રા

- **નિ:સ્વાર્થ સેવા ભાવના**

આ સંસ્થાને શરૂઆતથી જ કેળવણી પ્રેમી અને સમર્પણની ભાવનાવાળા કાર્યકરો મળતા રહ્યા છે. પરિણામે સંસ્થાનું વાતાવરણ હંમેશાં તંદુરસ્ત અને સર્વસંમતિવાળુ રહ્યું છે. સંચાલક મંડળના તમામ હોદ્દેદારો–સભ્યો સંસ્થામાંથી કોઈપણ પ્રકારનું માનદ્વેતન લેતા નથી. એટલું જ નહી સંસ્થાનાં કાર્યો માટેની અવર–જવર સ્વખર્ચે જ કરે છે, તે આ સંસ્થાની મોટી ઉપલબ્ધિ છે.

- **ખોટ ખાઈને પણ સંસ્થાઓ ચલાવવી**

શરૂઆતનાં વર્ષોમાં કેટલીક સંસ્થાઓને સરકારની મર્યાદિત ગ્રાંટ મળતી હતી તથા કેટલીક સ્વનિર્ભર કૉલેજોમાં ફીની મર્યાદા સરકારે મુકી દીધી હોવાથી લાખો રૂપિયાની ખોટ ખાઈને પણ જે તે શાળા – કૉલેજોમાં અભ્યાસક્રમો સંસ્થાએ કેટલાંક વર્ષો સુધી ચલાવ્યા હતા અને આજે પણ સ્વનિર્ભર ધોરણે ચાલતી કેટલીક શાળા / કૉલેજો ખોટ ખાઈને પણ ચલાવવામાં આવી રહી છે.

- **૧૦% વિદ્યાર્થીઓને ફી લીધા વિના પ્રવેશ**

સ્વનિર્ભર કૉલેજોમાં નિયત સીટોના ૧૦% જેટલી વધુ સીટો આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટે સ્વૈચ્છિક રીતે ભરવાનું કેન્દ્ર સરકારનું સૂચન છે. આ સૂચન સ્વૈચ્છિક હોવા છતાં સંસ્થાએ તમામ કૉલેજોમાં એ.આઈ.સી.ટી.ઈ. દ્વારા નિર્ધારિત Fee Waver સ્કીમનો અમલ કર્યો છે. આ અન્વયે ૧૦% જેટલા

વધુ વિદ્યાર્થીઓને ફી લીધા વિના ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવામાં આવતો હતો, જયારે હવે AICTE દ્વારા ૫ % ફરજિયાત કરેલ છે.

- **મેનેજમેન્ટ ક્વોટાનો ત્યાગ અને મેરિટ આધારિત પ્રવેશ**

ગુજરાતમાં સ્વનિર્ભર કૉલેજોમાં આર્થિક ખર્ચાઓને પહોંચી વળવા માટે આવી સંસ્થાઓને 'મેનેજમેન્ટ ક્વોટા' નામે પ્રવેશની અમુક સીટો ભરવાની સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે. પરંતુ, આ યોજનામાં ભ્રષ્ટાચારની શક્યતાઓને પારખીને સંસ્થાએ આવી તમામ સીટો જે તે કૉલેજ શરૂ થઈ ત્યારથી સરકારને સુપરત કરી દીધી છે અને તમામ સીટો માત્ર મેરિટના ધોરણે ભરવામાં આવી રહી છે.

- **સંશોધન અનુદાન**

અધ્યાપકો અને વિદ્યાર્થીઓને સંશોધન કરવા પ્રોત્સાહિત કરવાના હેતુસર યુનિવર્સિટીમાં 'રિસર્ચ સેલ' ઊભું કરવામાં આવ્યું છે. અને આ હેતુસર પ્રતિવર્ષ એક કરોડ રૂપિયા જેટલી રકમ ફાળવવામાં આવે છે.

- **સરકારી માધ્યમિક શાળાઓનું સંચાલન**

ગાંધીનગરની સરકારી માધ્યમિક – ઉચ્ચમાધ્યમિક શાળાઓનું સ્તર નીચું જઈ રહ્યું હતું તેના ઉપાય તરીકે સરકારે આ શાળાઓનો વહીવટ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' ને સોંપવાનો નિર્ણય લીધો, તે મુજબ આપણી સંસ્થાએ ગાંધીનગરની તમામ ૪ શાળાઓનો વહીવટ સંભાળી લીધો છે ત્યારથી તેનું શૈક્ષણિક સ્તર સતત ઊંચું ચડતું રહ્યું છે તેનું પ્રમાણ એ કે આ શાળાઓના વિદ્યાર્થીઓને મેડિકલમાં પ્રવેશ પણ મળતો થયો છે.

- **કન્યા કેળવણીને ઉત્તેજન તથા વિદ્યાર્થી સહાયક ફંડ અને મેરિટ સ્કોલરશિપ**

૨૧મી સદી એ સ્ત્રી સશક્તિકરણની સદી છે. તેના અનુસંધાનમાં કન્યા કેળવણીને ઉત્તેજન આપવા માટે કડી અને ગાંધીનગરમાં માત્ર કન્યાઓ માટેનાં ૧૫ જેટલાં છાત્રાલયો સંસ્થા ચલાવી રહી છે. તેમાં પૌષ્ટિક અને સાત્વિક ખોરાકની સાથે આધુનિક સગવડો ઉપલબ્ધ છે. કડી અને ગાંધીનગરના આ

બધાં છાત્રાલયોમાં ૨૭૦૦ જેટલી વિદ્યાર્થિનીઓ નિવાસ કરે છે. આ છાત્રાલયોમાં વિદ્યાર્થિનીઓના વ્યક્તિત્વ વિકાસ તથા વ્યવસાયિક સજ્જતા કેળવવા માટે ભરત–ગૂંથણ, રસોઈકામ, બ્યુટી પાર્લર, ડ્રેસ મેકીંગ વગેરે જેવા અભ્યાસક્રમો વિનામૂલ્યે ચલાવવામાં આવે છે. આર્થિક જરૂરિયાતવાળી બહેનોને હૉસ્ટેલ ખર્ચમાં રાહત આપવા માટે **'છાત્રા સહાયક નિધિ'** નામે એક ફંડ પણ ઊભું કરવામાં આવ્યું છે તથા શાળા – કૉલેજોમાં અભ્યાસ કરતી આર્થિક જરૂરિયાતવાળી વિદ્યાર્થિનીઓને ફીમાં રાહત આપવાની વ્યવસ્થા પણ સંસ્થાએ ઊભી કરી છે.

- **સ્ત્રી સશક્તિકરણ**

અત્રે દેશ અને દુનિયામાં સર્વત્ર સ્ત્રી સશક્તિકરણની પ્રવૃત્તિઓ ચાલી રહી છે તેના અનુસંધાનમાં આ સંસ્થામાં 'વીમેન ડેવલપમેન્ટ સેલ' નામે પ્રવૃત્તિ ઘણા સમયથી કાર્યરત છે અને તેના ઉપક્રમે યોજાતા વિવિધ કાર્યક્રમો પૈકી સમાજ વિકાસમાં નોંધપાત્ર ફાળો આપનાર કર્મચારી બહેનો, ગૃહિણીઓ તથા વિદ્યાર્થિનીઓને પુરસ્કૃત કરવામાં આવે છે.

- **આદ્યસ્થાપકોની સ્મૃતિ**

સંસ્થાના આદ્યઅગ્રણી પૂજ્ય છગનભાની પુણ્ય સ્મૃતિમાં "પૂજ્ય છગનભા વિજય પદ્મ" અને ગાંધીનગર શાખાના સ્થાપક પૂજ્ય દાસકાકાની પુણ્ય સ્મૃતિમાં "પૂજ્ય દાસકાકા પારિતોષિક" દર વર્ષે વિવિધ સ્થાનિક સ્પર્ધાઓના વિજેતા વિદ્યાર્થીઓને અપાય છે. આ ઉપરાંત સંસ્થાના પૂર્વ ચેરમેન અને 'સર્વ વિદ્યાલય' ના વિકાસમાં સિંહ ફાળો આપનાર સદ્‌ગત શ્રી માણેકલાલ પટેલ 'સાહેબ'ની પુણ્યસ્મૃતિમાં તેજસ્વી વિદ્યાર્થીઓને સ્કોલરશિપ અને આર્થિક જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને તેમના વાલીઓ અને દાતાશ્રીઓની હાજરીમાં ફ્રીશિપ આપવાનો કાર્યક્રમ દર વરસે યોજાય છે. આ અન્વયે પ્રતિવર્ષ સવાથી દોઢ કરોડ જેટલી રકમ સંસ્થા તરફથી ચૂકવવામાં આવે છે. તદુપરાંત માણેકલાલ સાહેબની સ્મૃતિમાં દર વરસે મહારક્તદાનનો કાર્યક્રમ યોજાય છે, જેમાં હજાર ઉપરાંત રક્તબોટલ એકત્ર કરી ઈન્ડિયન રેડ ક્રોસ બ્લડ બેંકને પહોંચાડવામાં આવે છે.

## ૧૧. સામાજિક પ્રતિબદ્ધતા

- **આરોગ્યપ્રદ સેવાઓ**

ગુજરાતનો બાળમૃત્યુદર ઘટાડવા માટે નીયોનેટલ કેર સેન્ટર, સંવેદના ફાઉન્ડેશનના સહયોગથી સી. એમ. પટેલ નર્સિંગ કૉલેજમાં શરૂ કરવામાં આવ્યું છે. આ કેન્દ્રમાં સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોના ૩૦૦૦ જેટલા ડૉક્ટરો, નર્સો અને શિક્ષકોને બે વર્ષ દરમિયાન વિનામૂલ્યે તાલીમ આપવાની વ્યવસ્થા સંસ્થાએ કરી છે. તદુપરાંત ક્ષય, મેલેરિયા અને કેન્સર જેવાં દર્દોના નિવારણ અને ઉપાય માટે નિઃશુલ્ક તાલીમની વ્યવસ્થા પણ સંસ્થાએ કરી છે. તેમજ 'ફિઝિયોથેરાપી ઓન વ્હિલ્સ' – 'ફરતા આરોગ્યરથ' ના માધ્યમથી કડી અને ગાંધીનગરની આસપાસના વિસ્તારોમાં ફિઝિયોથેરાપી અને નર્સિંગના તજજ્ઞોની ટીમ સાથે જરૂરતમંદોને ઘેરબેઠાં તથા વૃદ્ધાશ્રમમાં જઈને વૃદ્ધોને વિનામૂલ્યે સેવા આપવામાં આવે છે. આ ઉપરાંત કૉલેજમાં કોઈપણ નાગરિકને ફિઝિયોથેરાપીની નિઃશુલ્ક સેવાઓ પૂરી પાડવામાં આવે છે. દરરોજ આશરે ૮૦ થી ૧૦૦ રોગીઓ આ સેવાનો લાભ લે છે.

- **આંગણવાડી કેન્દ્રો દત્તક**

ગાંધીનગર અને કડીમાં સરકાર સંચાલિત ૧૪ આંગણવાડી કેન્દ્રો(બાલમંદિરો) ચાલી રહયાં છે. આ કેન્દ્રો પર દેખરેખનું કાર્ય આપણી સંસ્થા દ્વારા ચાલી રહ્યું છે અને તેનાં તમામ બાળકોને રોજ પૌષ્ટિક નાસ્તો આપણી સંસ્થા દ્વારા પૂરો પાડવાની વ્યવસ્થા પાછલાં કેટલાંક વરસોથી સતત અને સારી રીતે ચલાવવામાં આવી રહી છે.

- **ફૂકેરી આશ્રમ શાળા દત્તક**

દક્ષિણ ગુજરાતના નવસારી તાલુકાના ગામ ફૂકેરીમાં એક આશ્રમ શાળા એવી છે કે જેમાં ભણતાં શ્રમજીવી કુટુંબોનાં બાળકોએ માતા–પિતા કે બે માંથી એક ગુમાવ્યાં હોય. આવાં તમામ નમાયાં – નબાપાં બાળકોની આશ્રમ શાળા આ મંડળે દત્તક લીધી છે.

- **સમાજવિકાસની પ્રવૃત્તિઓ**

સમાજવિકાસની પ્રવૃત્તિઓ જેમકે પર્યાવરણ, આરોગ્ય જાળવણી, વ્યસનમુક્તિ, શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ, વાંચે ગુજરાત ઈત્યાદિ જેવાં આંદોલનની નાગરિક ઘડતરલક્ષી પ્રવૃત્તિઓ પોતાના વિદ્યાર્થીઓ–શિક્ષકો પાસે કરાવે છે. વધુમાં, કૉલેજોમાં ચાલતાં NSS નાં એકમો દ્વારા તથા બી.એડ્. કૉલેજો દ્વારા નજીકનાં ગામો અને પછાત વિસ્તારોને શિક્ષણ–આરોગ્ય–પર્યાવરણ અને અન્ય સેવાકાર્યો માટે દત્તક લેવામાં આવ્યાં છે.

## ૧૨. વહીવટી અધિકારીઓનું નિર્માણ

- **UPSC - GPSC**

રાજ્ય અને રાષ્ટ્રને ઉચ્ચ વહીવટી અધિકારીઓ પૂરા પાડવા માટે મંડળ દ્વારા UPSC અને GPSC ની તાલીમી સંસ્થા ચલાવવામાં આવે છે. આજ સુધીમાં આ સંસ્થાના નોંધપાત્ર સંખ્યામાં તાલીમાર્થીઓ 'આઈ.એ.એસ.' અને 'ગેસ'ની પરીક્ષા પાસ કરતાં અનુક્રમે ૧૨ વિદ્યાર્થીઓ સિવિલ સર્વિસિસમાં અને ૪૧ વિદ્યાર્થીઓ ગુજરાત સરકારમાં ઉચ્ચ વહીવટી સેવાઓમાં જોડાયા છે.

## ૧૩. શાળા કૉલેજોની ગુણવત્તા અને ઉપલબ્ધિઓ

- **યુ.જી.સી. અને એ.આઈ.સી.ટી.ઈ. દ્વારા મળેલ અનુદાનો**

ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓની ગુણવત્તા વિકસાવવા માટે પ્રમુખસ્વામી સાયન્સ અને એચ.ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, કડીને અને ગાંધીનગરની ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજને કેન્દ્ર તથા રાજ્ય સરકાર તરફથી આજદિન સુધી ઉચ્ચગુણવત્તા સૂચક કરોડો રૂપિયાનાં અનુદાનો મળ્યાં છે. આ ઉપરાંત ખાસ નોંધપાત્ર બાબત એ કે તાજેતરમાં સમગ્ર ભારતની ૪ કૉલેજો પૈકી ગુજરાતની એક માત્ર કડીની પ્રમુખસ્વામી કૉલેજને કૌશલ કેન્દ્ર શરૂ કરવા માટે કેન્દ્ર સરકાર તરફથી રૂા. ૫ કરોડનું અનુદાન મળ્યું છે.

- **ગ્રંથાલયો અને પ્રયોગશાળાઓ**

પ્રયોગશાળા અને ગ્રંથાલયો એ કોઈ પણ સંસ્થાનાં ફેફસાં છે અને તેના ઉપર જ તેની તંદુરસ્તીનો આધાર છે. આ વાતને બરાબર ધ્યાનમાં રાખીને સંસ્થાએ કડી તેમજ ગાંધીનગરની તમામ સંસ્થાઓમાં સમૃદ્ધ ગ્રંથાલયો અને સમૃદ્ધ પ્રયોગશાળાઓ – કમ્પ્યૂટર લેબોરેટરીઓ કરોડોના ખર્ચે નિર્માણ કર્યાં છે. આપણી પાસે અદ્યતન કમ્પ્યૂટરોથી સજ્જ વિશાળ લેબોરેટરીઓની સગવડ ઉપલબ્ધ છે તથા તમામ શાળા–કૉલેજો સાધન સંપન્ન હોવાથી સ્પર્ધાત્મક ઈત્યાદિ પરીક્ષાઓની બેઠક વ્યવસ્થા માટે સરકાર અને અન્ય સંસ્થાઓ આપણાં ભવનોની પસંદગી કરે છે.

- **ગુણવત્તા પરીક્ષણ**

૨૧ મી સદીએ ઉચ્ચ ગુણવત્તાની સદી છે. તેની સાથે તાલ મિલાવવા કૉલેજોની ગુણવત્તા વધારવા માટે NAAC દ્વારા કૉલેજોનું અક્રેડિટેશન (ગુણવત્તા પરીક્ષણ) વખતોવખત કરાવવામાં આવે છે. આ પૈકી કડીની પ્રમુખસ્વામી કૉલેજ અને એચ.ડી.પટેલ આર્ટ્સ કૉલેજ તથા ગાંધીનગરની ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા મહિલા કૉમર્સ કૉલેજ સતત 'એ' ગ્રેડ મેળવતી રહી છે, જ્યારે કડીની એમ.બી.એ. ઈન્સ્ટિટ્યૂટે રાષ્ટ્રીય સ્તરે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે.

- **ગ્રેડ સિસ્ટમ અને સેમેસ્ટર**

યુ.જી.સી. સૂચિત ક્રેડિટ બેઈઝ ગ્રેડ સિસ્ટમનો અને સેમેસ્ટર પદ્ધતિનો કૉલેજોમાં અમલ કરવામાં આ યુનિવર્સિટી ગુજરાતમાં મોખરે રહી છે.

- **અભ્યાસક્રમ સુધારણા**

સમાજ સતત બદલાતો જાય છે અને તેની જરૂરિયાતો પણ સતત બદલાતી જાય છે. બદલાતા સમાજની આ બદલાતી જરૂરિયાતો પૂરી પાડવા અભ્યાસક્રમોને વ્યવહારું અને વાસ્તવદર્શી બનાવવાની પ્રક્રિયા યુનિવર્સિટી લેવલે ઊભી કરવામાં આવી છે. પ્રતિ વર્ષ વિવિધ બોર્ડ ઑફ સ્ટીડઝ દ્વારા અભ્યાસક્રમમાં

સુધારણા કરવામાં આવે. જેના પરિણામે અભ્યાસ બાદ જે–તે ક્ષેત્રની જરૂરિયાતો મુજબની લાયકાતોવાળા વિદ્યાર્થીઓ સમાજને મળી રહે છે.

- **ઉજ્જવળ પરિણામો**

"સર્વ વિદ્યાલય" ની તમામ સંસ્થાઓનાં પરિણામો શરૂઆતથી આજદિન સુધી હંમેશાં ઉજ્જવળ રહ્યાં છે ૯૦% થી આગળ વધી ૧૦૦% સુધીનાં પરિણામો આવ્યાં છે. તથા રાજ્ય અને રાષ્ટ્રકક્ષાએ આપણા વિદ્યાર્થીઓ શૈક્ષણિક, રમત-ગમત, કલા અને વિજ્ઞાનના ક્ષેત્રે ઝળક્યા છે. આપણી શાળાઓના વિદ્યાર્થીઓ પ્રતિવર્ષ મોટી સંખ્યામાં મેડિકલમાં પ્રવેશ મેળવવા યશભાગી થઈ રહ્યા છે.

- **પર્યાવરણ**

પર્યાવરણ – ગ્રીનરી – સ્વચ્છતા – સુવ્યવસ્થા એ આજે આપણા જીવનનો એક અનિવાર્ય ભાગ બની ગયો છે તે મુજબ તમામ કેમ્પસોમાં પાકા રસ્તા તથા બગીચા – આંખને ઠારે તેવી હરિયાળીની સુવ્યવસ્થા કરવામાં આવી છે.

**૧૪. અધ્યાપક / શિક્ષક સજ્જતા પ્રવૃત્તિઓ**

- **શિક્ષક સજ્જતા**

વિદ્યાર્થી સજ્જતાની સાથોસાથ શિક્ષક સજ્જતા પણ એટલી જ જરૂરી છે. આપણો શિક્ષક પોતાની સજ્જતા અને ગુણવત્તા સતત વધારતો રહે અને તેનો લાભ વિદ્યાર્થીઓને આપતો રહે તે હેતુથી તમામ શિક્ષકોની જે–તે વિષય આધારિત 'શિક્ષક સજ્જતા કસોટી' લેવામાં આવે છે અને તેમાં ઉચ્ચ ગુણાંક મેળવનારા શિક્ષકોને આકર્ષક રકમના આર્થિક પુરસ્કારો આપવામાં આવે છે અને જયાં ઓછી ક્ષમતા જણાય ત્યાં તે શિક્ષકોને ક્ષમતા વધારવા પ્રોત્સાહિત કરાય છે. આ ઉપરાંત રાજય, રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય લેવલના પરિસંવાદો સંસ્થામાં સતત યોજાતા રહે છે, તેમ જ અન્યત્ર યોજાતા પરિસંવાદો / અધિવેશનોનાં ભાગ લેવા ઈચ્છુક તેજસ્વી અધ્યાપકોને આર્થિક સહાય પણ આપવામાં આવે છે.

- **શ્રેષ્ઠ શિક્ષકોને મળેલા અવોર્ડો**

સંસ્થાના સંનિષ્ઠ આચાર્યો તથા શિક્ષકોને રાજ્ય અને રાષ્ટ્રકક્ષાના શ્રેષ્ઠ શિક્ષકો તરીકેના અવોર્ડો મળેલા છે. આ સન્માનપાત્ર વ્યકિતઓમાં શ્રી નાથાભાઈ દેસાઈ, શ્રી મોહનલાલ પટેલ, શ્રી કલ્યાણભાઈ પટેલ, શ્રી મનુભાઈ પટેલ, શ્રી ફૂલજીભાઈ પટેલ, શ્રી રમેશભાઈ ત્રિવેદી, શ્રી ગણેશભાઈ મકવાણા, ડૉ. વર્ષાબેન પારેખ, શ્રી બચુભાઈ પટેલ અને શ્રી નટુભાઈ લાડાણીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એન.એન.એસ.માં શ્રેષ્ઠ કામગીરી માટે ડૉ. રણછોડ રથવીને રાષ્ટ્રપતિ એવોર્ડથી નવાજવામાં આવેલ છે.

- **અધ્યાપકો / શિક્ષકોના સંશોધન લેખો અને ગ્રંથો**

સંસ્થાના અનેક આચાર્યો – શિક્ષકોએ મોટી સંખ્યામાં ગુણવત્તાયુક્ત સંશોધન લેખો તથા ગ્રંથો પ્રગટ કર્યા છે તે પૈકી કેટલાકને રાજ્ય અને રાષ્ટ્રકક્ષાનાં પારિતોષિકો પણ મળ્યાં છે.

- **પ્રકાશન પ્રવૃત્તિ**

વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનશીલતા વિકસાવવા માટે સંસ્થાની શાળા કૉલેજો પોતપોતાનું વાર્ષિક સામયિક બહાર પાડે છે અને તેમાં વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને પોતાના લેખો પ્રગટ કરવાની તક મળે છે. આ ઉપરાંત કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા અધ્યયન – સંશોધન તેમજ પ્રેરણા – પ્રોત્સાહન પૂરી પાડતા લેખોને સમાવતા જર્નલો 'Journal of SCI-TECH Research' તથા 'Journal of Huminities : Social Science and Management Research" તેમજ **'સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત'** નામે એક સામયિક બહાર પાડવામાં આવે છે.

## ૧૫. વિદ્યાર્થી વિકાસની પ્રવૃત્તિઓ

- **વ્યક્તિત્વવિકાસ**

સ્પર્ધાના આ યુગમાં માહિતીજ્ઞાનની સાથે સાથે વ્યક્તિત્વ અને કારકિર્દી ઘડતરની પણ જરૂર રહે જ છે. આ જરૂરિયાત પૂરી પાડવા સંસ્થા વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ ઘડતર માટે સમયાન્તરે નેતૃત્વ તાલીમ શિબિરો યોજે છે અને તેમાં આ ક્ષેત્રના તજજ્ઞોને પ્રશિક્ષણ માટે બોલાવે છે. આ હેતુ તમામ ખર્ચ સંસ્થા વહન કરે છે.

- **પ્લેસમેન્ટ સેલ**

કૉલેજનો અભ્યાસ પૂરો કર્યા પછી વિદ્યાર્થી બેકાર બનીને બેસી ન રહે તથા નોકરી માટે તેને ભટકવું ન પડે તે માટે બધી કૉલેજોમાં પ્લેસમેન્ટ સેલ બનાવવામાં આવ્યું છે તેના દ્વારા નોકરી–ધંધાના ક્ષેત્રોના અગ્રણીઓને સંસ્થામાં બોલાવી, વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યૂ લેવાની અને નોકરી–ધંધાની નિશ્ચિતતા કરી આપવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

- **વિદ્યાર્થી એક્ષચેન્જ**

વિશ્વના બધા જ દેશોની એક વિશ્વ સંસ્કૃતિ વિકસી રહી છે તેના પરિણામે વિશ્વનાગરિકો તૈયાર થઈ રહ્યા છે. આ પ્રવાહમાં આ સંસ્થાએ પોતાનો એક પ્રવાહ જોડવા 'સ્ટુડન્ટ એક્ષચેન્જ' ની પ્રવૃત્તિ શરૂ કરી છે. તેના ઉપક્રમે વિદેશોના વિદ્યાર્થીઓ આપણી સંસ્થાઓમાં અને આપણા વિદ્યાર્થીઓ વિદેશોની સંસ્થાઓમાં જઈ સંસ્કૃતિ સંમિલનની પ્રવૃત્તિઓમાં સહભાગી થઈ રહ્યા છે.

- **સ્કૂલ બસ**

બહારગામથી અપડાઉન કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે ૪૫ જેટલી સ્કૂલ બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં ઓછા ખર્ચે વિદ્યાર્થીને સગવડ આપવામાં આવે છે.

- **હૉસ્ટેલ નિવાસ અને ભોજન**

બહારગામના વિદ્યાર્થીઓ માટે સંસ્થા ૨૫ જેટલી હૉસ્ટેલો ચલાવે છે. જેમાં નિવાસ અને ભોજનની વ્યવસ્થા રાહતદરે કરવામાં આવેલી છે. હાલ ૫૦૦૦ ભાઈઓ અને ૨૭૦૦ બહેનો સંખ્યા મળી કુલ ૭૭૦૦ ભાઈઓ– બહેનો છાત્રાલય વ્યવસ્થાનો લાભ લઈ રહ્યાં છે. અને હૉસ્ટેલની તમામ વ્યવસ્થાઓ સંસ્થાના સીધા નિયંત્રણ હેઠળ ચાલે છે.

- **ટૉય હાઉસ**

નર્સરી અને બાલમંદિરનાં બાળકોમાં સહજ રીતે રમતાં રમતાં સર્જનાત્મક શકિત ખીલવવાના હેતુસર કડી અને ગાંધીનગરનાં પરિસરોમાં અદ્યતન ટૉય હાઉસની સ્થાપના કરવામાં આવી છે, જેમાં વિજ્ઞાન, ટેક્નોલોજી અને લલિતકળા આધારિત રમકડાં અને અદ્યતન સાધન–સામગ્રીની સાથે ખાસ 'ટૉય ટ્રેન' વસાવવામાં આવી છે.

## ૧૯. વિદ્યાર્થી ધન

- **પદ્મશ્રી તેમજ પાટીદાર રત્ન એવોર્ડ**

સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને સુપ્રસિદ્ધ સાહિત્યકાર સ્વ. ભોળાભાઈ પટેલને કેન્દ્ર સરકારનો ગૌરવવંતો **'પદ્મશ્રી'**નો એવોર્ડ તેમજ સાહિત્ય અકાદમી, દિલ્હીની ફેલોશિપ (આજીવન સભ્યપદ) પ્રાપ્ત થઈ હતી. સંસ્થાના સદ્ગત ચેરમેન અને ભૂ.પૂ. વિદ્યાર્થી શ્રી માણેકલાલ પટેલને **'પાટીદાર રત્ન'** એવોર્ડ મળ્યો હતો, તેમજ ગુજરાતમાં વિવિધક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદાન કરનાર ૧૦૦ વ્યકિતઓની યાદીમાં તેઓશ્રીના નામનો સમાવેશ થયો છે તે સંસ્થા માટે ગૌરવ છે. વિશ્વવિખ્યાત અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સના પિતાજી ડૉ. દીપક પંડયા સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી– છાત્ર હતા આજે તેમનું સ્થાન વિશ્વવિખ્યાત ડૉકટરોની હરોળમાં ગણાય છે, જે તેમના હૉસ્ટેલ નિવાસમાં થયેલા ઘડતરને થયેલા આભારી છે તેમ તેઓશ્રીએ પોતે જ જણાવેલું છે.

- **રાજકીયક્ષેત્રે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ**

સંસ્થાના કેટલાક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે જેમણે રાજકીય ક્ષેત્રે ઉજ્જ્વળ કારકિર્દી બનાવી છે તેમાં શ્રીમતી આનંદીબેન પટેલ, શ્રી નરોત્તમભાઈ પટેલ, શ્રી નીતિનભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ પટેલ, શ્રી અનિલભાઈ પટેલ ઈત્યાદિનો સમાવેશ થાય છે. આ પૈકી શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાત રાજયના મુખ્યમંત્રી તરીકે સેવાઓ આપ્યા બાદ હાલમાં મધ્યપ્રદેશનાં ગવર્નર તરીકે તથા શ્રી નીતિનભાઈ પટેલ ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી તરીકે સેવાઓ આપી રહ્યા છે.

- **ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દાતાશ્રીઓ તરીકે**

આ સંસ્થાનું એક મોટું ધન તે 'વિદ્યાર્થીધન' છે. સંસ્થાના અનેક વિદ્યાર્થીઓ ધંધા– રોજગાર અર્થે અનેક ક્ષેત્રોમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ આગળ વધ્યા છે. સંસ્થા સાથે તેઓએ અતૂટ સંબંધ જાળવી રાખ્યો છે અને દૂર રહ્યે પણ સંસ્થાને વખતો વખત મોટા પ્રમાણમાં દાન આપતા રહે છે. દાનગંગાથી વહેતી રહેતી આ સંસ્થામાં સતત દાન પ્રવાહ વહેતો રહ્યો છે. તે તેના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શુભેચ્છકોને આભારી છે.

## ૧૭. ગૌશાળા

કડીમાં વિદ્યાર્થી આશ્રમ અને શાળાની શરૂઆત કર્યા બાદ વિદ્યાર્થીઓને ગાયનું શુદ્ધ દૂધ પૂરું પાડવાના હેતુથી મંડળ દ્વારા કડીથી બે–ત્રણ કિલોમીટરના અંતરે આદુંદરા ગામે ગૌશાળા શરૂ કરવામાં આવી હતી. હાલમાં, આ ગૌશાળા ૧૫૦ વીઘા જમીનમાં પથરાયેલી છે, જેમાં વાછરડાં સહિત ૧૦૮ ગાયો પાળવામાં આવી રહી છે. અહીં પિક્નિક પોઈન્ટ પણ વિકસાવવામાં આવેલ છે, જેનો લાભ કડીના નગરજનો લઈ રહ્યા છે.

## ૧૮. સંસ્થાનું હવે પછીનું લક્ષ્ય

મેડિકલ કૉલેજ તથા નેનો ટેક્નોલજી અભ્યાસક્રમ શરૂ કરવા તથા જમીન ઉપલબ્ધ થયે યુનિવર્સિટી માટે અદ્યતન ભવનના બાંધકામ માટે સંસ્થા વિચારી રહી છે. તદ્ઉપરાંત શૈક્ષણિક સાધનોમાં વિજાણુ ઉપકરણોનો વધુ ને વધુ ઉપયોગ કરવાનું સંસ્થાઓમાં ગ્લોબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવતા રહેવાનું, અભ્યાસક્રમોને વ્યવહારુ ધોરણે અને વૈશ્વિકસ્તરે સતત અપડેટ કરતા રહેવાનું અને એ રીતે સમયની સાથે સતત ચાલતા રહેવાનું હવે પછીનું આયોજન છે.

## ૧૯. સમાપન

ધ્યેયનિષ્ઠ અને સેવાપરાયણ કર્ણધારોનાં કાર્યોથી પ્રભાવિત થઈ સમાજ તરફથી કરોડો રૂપિયાનાં દાન મળી રહ્યાં છે. અહીં દાનગંગા અને જ્ઞાનગંગા વણથંભી સમાન ગતિએ પ્રવાહિત થઈ રહી છે. પ્રાચીન સમયના શ્રી અને સરસ્વતીથી શોભાયમાન પાટણ નગર માટે કવિ બાલચંદ્રે 'વસંતવિલાસ' મહાકાવ્યમાં કહ્યું છે, **'कलहायते न सह शारदया कमलाऽत्रवासरसलोभवति'** અર્થાત્ 'અહીં નિવાસ કરવાના રસલોભથી લક્ષ્મી સરસ્વતી સાથે કલહ કરતી નથી'. પ્રવર્તમાન સમયમાં આ ઉક્તિ કડીની આ સંસ્થા માટે પણ યથાર્થ રીતે લાગુ પડે છે.

પરિશિષ્ટ : ૧ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી–ગાંધીનગર સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ

પરિશિષ્ટ : ૨ છાત્રાલયોની યાદી

પરિશિષ્ટ : ૩ સંચાલક મંડળની યાદી

## પરિશિષ્ટ—૧

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગર સંચાલિત
# વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ

**કડી કેમ્પસ**

૧ પ્રમુખસ્વામી સાયન્સ એન્ડ એચ.ડી. પટેલ આર્ટ્સ કૉલેજ

૨ એચ.વી.એચ.પી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ પોસ્ટ ગ્રેજયુએશન એન્ડ સ્ટડીઝ

૩ શ્રીમતી મધુબેન પોપટલાલ પટેલ કૉલેજ ઓફ કૉમર્સ

૪ સૂરજબા કૉલેજ ઑફ ઍજયુકેશન

૫ આચાર્યશ્રી મનુભાઈ જે. પટેલ એમ.એડ્. કૉલેજ

૬ એસ.વી. કૉલેજ ઑફ ઍજયુકેશન

૭ નરસિંહભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ એન્ડ મેનેજમેન્ટ (બી.સી.એ અને બી.બી.એ.)

૮ નરસિંહભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ (એમ.સી.એ.)

૯ નરસિંહભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ સ્ટડીઝ (એમ.બી.એ.)

૧૦ કે.એન.બી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ પી.જી. ડિપ્લોમા સ્ટડીઝ (પી.જી.ડી.સી.એ.)

૧૧ મમતા સ્કૂલ ઑફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી

૧૨ શ્રીમતી માણેકબેન સી. કે. પટેલ લલિતકલા ઍકેડેમી

૧૩ શ્રી સાંકળચંદ કાળીદાસ પટેલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા

૧૪ રા.ર. શેઠશ્રી પ્રાણસુખલાલ મફતલાલ વિવિધલક્ષી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ

૧૫ શ્રીમતી કમળાબેન અમૃતલાલ પટેલ શિવહરિ સૅકન્ડરી એન્ડ હાયર સૅકન્ડરી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ

૧૬ શ્રી દશુભાઈ એ. પટેલ ટેક્નિકલ હાઈસ્કૂલ

૧૭ શ્રીમતી શારદાબેન ધર્માભાઈ પટેલ (ભટાસણ) ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ

૧૮ શાંતાબેન માણેકલાલ કેશવલાલ પટેલ પ્રાથમિક શાળા

૧૯ શ્રી કડી નાગરિક સહકારી બેંક પ્રાથમિક શાળા

૨૦ મેઘના નિરંજન શિશુ વિદ્યાવિહાર

૨૧ શ્રીમતી ગોમતીબેન રામભાઈ એમ. પટેલ ઈંગ્લિશ મીડિયમ કિંડરગાર્ટન

૨૨ પ્રભાવતી ભરતકુમાર પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ

૨૩ ભવકુંજ સ્કૂલ

૨૪ ડૉ. આર. એમ. પટેલ સ્કૂલ

**ગાંધીનગર કેમ્પસ (સેકટર - ૧૫ તથા ૧૨)**

૧ કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેકટર–૧૫

૨ એલ.ડી.આર.પી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી એન્ડ રિસર્ચ

૩ વી.પી.એમ.પી. પોલિટેક્નિક

૪ ડિપાર્ટમેન્ટ ઑફ કમ્પ્યૂટર સાયન્સ

૫ ડિપાર્ટમેન્ટ ઑફ જર્નાલિઝમ

૬ ડિપાર્ટમેન્ટ ઑફ મેથેમેટિક્સ (Mathematics)

૭ શ્રીમતી ચંચળબેન મફતલાલ પટેલ કૉલેજ ઑફ નર્સિંગ

૮ શ્રીમતી ચંચળબેન મફતલાલ પટેલ કૉલેજ ઑફ ફિઝિયોથેરાપી

**ગાંધીનગર કેમ્પસ (સેકટર–૨૩)**

૧ ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ

૨ કે.બી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટીકલ એજયુકેશન એન્ડ રિસર્ચ એન્ડ ડી.આર.પટેલ સેન્ટર ફૉર એન્ડવાન્સ્ડ સ્ટડીઝ ઈન ફાર્માસ્યુટીકલ બાયોટેકનોલોજી

૩ શ્રી એમ. એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ

૪ એસ.કે.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ

૫ ડિપાર્ટમેન્ટ ઓફ બાયાટેકનોલોજી (M.Sc. Biotechnology)

૬ ડિપાર્ટમેન્ટ ઓફ બાયોઈન્ફોર્મેટિક્સ (M.Sc. Bioinformatics)

૭ ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ (M.Com.)

૮ અશ્વિનભાઈ અમૃતભાઈ પટેલ કૉમર્સ કૉલેજ (અંગ્રેજી–ગુજરાતી માધ્યમ, B.Com.)

૯ શ્રી ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (B.B.A.)

૧૦ શ્રી ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ (B.C.A. / P.G.D.C.A.)

૧૧ આર.એચ. પટેલ ઈંગ્લિશ મીડિયમ બી.ઍડ્.કૉલેજ

૧૨ શરદબેન શાંતિભાઈ પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન

૧૩ વકીલ શ્રી ધનાભાઈ હરગોવિંદદાસ પટેલ (ગણેશપુરા) એમ.એડ્. કૉલેજ

૧૪ મમતા કમ્પ્યૂટર ટ્રેનિંગ સેન્ટર

૧૫ મમતા આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર

૧૬ સ્કૂલ ઑફ એપ્લાઈડ આર્ટ્સ મલ્ટીમિડિયા (આર. એન. લલિતકલા એકેડેમી)

૧૭ શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ

૧૮ શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ

૧૯ એમ. બી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સૅકન્ડરી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ

૨૦ શ્રીમતી આર.જી.પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ એન્ડ શ્રીમતી એસ.બી.પટેલ ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલ

૨૧ સવિતાબેન ગોવિંદભાઈ પટેલ ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલ

૨૨ શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા

૨૩ શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા

૨૪ શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા

૨૫ હિરાબેન વિઠ્ઠલભાઈ પટેલ કન્યા બાલમંદિર

૨૬ શ્રી વી. એમ. પટેલ કુમાર બાલમંદિર

૨૭ શિવકોરબા કાળિદાસ પટેલ કિંડર ગાર્ટન ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ

૨૮ સર્વ વિદ્યાલય ઈંગ્લિશ મીડિયમ પ્રિ- પ્રાઈમરી સ્કૂલ

## પરિશિષ્ટ—૨

## છાત્રાલયો

### કડી કેમ્પસ

● **કુમાર છાત્રાલયો**

૧ રાઈબેન ગોપાળદાસ પટેલ સાયન્સ કોલેજ હૉસ્ટેલ

૨ સંતોકબા હાયર એજ્યુકેશન ઉમિયા બોઈઝ હૉસ્ટેલ (MBA / MCA)

૩ શંભુભાઈ હરગોવનદાસ પટેલ ઉમિયા બોઈઝ હૉસ્ટેલ (B.Ed. / P.T.C.)

૪ શ્રીમતી માણેકબેન સી. કે. પટેલ બોઈઝ હૉસ્ટેલ

● **કન્યા છાત્રાલયો**

૫ શ્રીમતી ઊર્મિલાબેન ગોવિંદભાઈ દેસાઈ કન્યા છાત્રાલય

૬ બી. એમ. પટેલ છાત્રા નિવાસ

### ગાંધીનગર કેમ્પસ

● **કુમાર છાત્રાલયો**

૧ ગં. સ્વ. ઈચ્છાબેન કાંતિલાલ પટેલ ઉમિયા કુમાર હૉસ્ટેલ

૨ શ્રી અંબાલાલ કેશવલાલ પટેલ (નારદીપુર) ઉમિયા કુમાર હૉસ્ટેલ

૩ શ્રી ગોદડદાસ કસળદાસ પટેલ પરિવાર (ચાણસ્માવાળા) ઉમિયા કુમાર હૉસ્ટેલ

૪ પટેલ અમથીબેન રેવનદાસ શિવદાસ (ડીંગુચાવાળા) ઉમિયા કુમાર હૉસ્ટેલ

૫ સ્વ. પટેલ ડાહીબેન ભોળીદાસ અમથીદાસ (ડીંગુચાવાળા) ઉમિયા કુમાર હૉસ્ટેલ

૬ રેવાબેન મણિલાલ શંકરદાસ પટેલ (સાલડી) કુમાર હૉસ્ટેલ

૭ શ્રી મહેન્દ્ર મિલ્સ ઉમિયા કુમાર છાત્રાલય

૮ શ્રી પુરૂષોત્તમભાઈ અને ભીખાભાઈ ઉમિયા કુમાર છાત્રાલય

૯ શ્રી રમણભાઈ ડી. પટેલ ઉમિયા કુમાર છાત્રાલય

૧૦ શ્રી બાબુભાઈ એસ. પટેલ ઉમિયા કુમાર છાત્રાલય

૧૧ શ્રીમતી જયશ્રીબહેન વિનોદકુમાર પટેલ અને શ્રીમતી શર્મિષ્ઠાબેન હર્ષદકુમાર પટેલ (મોખાસણ) બોઈઝ હૉસ્ટેલ

૧૨ શ્રી પ્રહલાદભાઈ રણછોડભાઈ પટેલ (સાલડી) બોઈઝ હૉસ્ટેલ

**● કન્યા છાત્રાલયો**

૧૩ શ્રી બળદેવભાઈ ગોપાલદાસ પટેલ (ડીંગુચાવાળા) ઉમિયા કન્યા છાત્રાલય

૧૪ રાઈબેન નરસિંહભાઈ મહિલા હૉસ્ટેલ

૧૫ અંબાલાલ ગોપાળદાસ પટેલ (ડીગુચાવાળા) ઉમિયા કન્યા છાત્રાલય (એનેક્ષી)

૧૬ નારણદાસ ગોપાળદાસ પટેલ (ડીગુચાવાળા) ઉમિયા કન્યા છાત્રાલય

૧૭ લોદરિયા પરિવાર (સરસાવ) ઉમિયા ઉચ્ચ શિક્ષણ કન્યા છાત્રાલય

૧૮ વર્ષાબેન રમેશભાઈ નરોત્તમદાસ દીવાન (પલિયડ) U.S.A. હાયર એજયુકેશન ઉમિયા કન્યા છાત્રાલય

૧૯ સી.કે. એન્ડ એ. કે. પટેલ (સરસાવ) ગર્લ્સ હૉસ્ટેલ

૨૦ શ્રીમતી ચંચળબેન મફતલાલ પટેલ નર્સિંગ કૉલેજ હૉસ્ટેલ

## પરિશિષ્ટ–૩

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી

## હોદ્દેદારો, વ્યવસ્થાપક મંડળના સભાસદો અને ઓડિટર્સ

## સને ૨૦૧૭ – ૨૦૧૮

| | | | |
|---|---|---|---|
| પ્રમુખ | : | શ્રી ડૉ. રામભાઈ એમ. પટેલ | કડી |
| ચેરમેન | : | શ્રી વલ્લભભાઈ એમ. પટેલ | કડી |
| ઉપપ્રમુખ | : | શ્રી મણિભાઈ ઈશ્વરદાસ પટેલ | ઊંઝા |
| | | શ્રી ડૉ. કનુભાઈ ડી. પટેલ | અમદાવાદ |
| મંત્રીઓ | : | શ્રી ડૉ. મણિભાઈ એસ. પટેલ | કડી |
| | | શ્રી મનુભાઈ જે. પટેલ | ચાણસ્મા |
| | | શ્રી મહેશભાઈ પી. પટેલ | કડી |
| | | શ્રી બિપીનભાઈ કે. પટેલ | અમદાવાદ |

**સભાસદો**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી વિષ્ણુભાઈ પુંજાભાઈ પટેલ | નારદીપુર |
| ૨. | શ્રી મુકેશભાઈ બી. પટેલ | કડી |
| ૩. | શ્રી અરવિંદભાઈ ત્રિભુવનદાસ પટેલ | ગાંધીનગર |
| ૪. | ચોકસી વિઠ્ઠલદાસ હેમદાસ | અમદાવાદ |
| ૫. | શ્રી કિરણભાઈ કૃષ્ણકાન્ત પીઠવા | અમદાવાદ |
| ૬. | શ્રી પ્રવિણભાઈ ઈશ્વરભાઈ પટેલ | અમદાવાદ |
| ૭. | શ્રી ડૉ. પી. કે. પટેલ | કડી |
| ૮. | શ્રી લેફ. કર્નલ હસમુખભાઈ એમ. પટેલ | અમદાવાદ |
| ૯. | શ્રી ડૉ. રમણભાઈ જી. પટેલ | કડી |

| | | |
|---|---|---|
| ૧૦. | શ્રી ખોડાભાઈ એચ. પટેલ | કડી |
| ૧૧. | શ્રી ભરતકુમાર લાલદાસ પટેલ | પલીયડ |
| ૧૨. | શ્રી કિરીટભાઈ રામભાઈ પટેલ | અમદાવાદ |
| ૧૩. | શ્રી ઈશ્વરભાઈ એમ. પટેલ | કડી |
| ૧૪. | શ્રી નટવરભાઈ એમ. પટેલ | કલોલ |
| ૧૫. | શ્રી મનુભાઈ બી. પટેલ (ડીગુચાવાળા) | અમદાવાદ |
| ૧૬. | શ્રી અમૃતભાઈ એસ. પટેલ | કલોલ |

હોદ્દાની રૂએ કારોબારી સભ્યો સર્વે સંસ્થાઓના ડાયરેક્ટરશ્રીઓ, પ્રિન્સિપાલશ્રીઓ, કો–ઓર્ડિનેટરશ્રીઓ કડી અને ગાંધીનગર

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખા

## કાર્યવાહક સમિતિ : સને ૨૦૧૭ - ૨૦૧૮

| | | | |
|---|---|---|---|
| પ્રમુખ | : | શ્રી ડૉ. કનુભાઈ ડી. પટેલ | અમદાવાદ |
| ચેરમેન | : | શ્રી વલ્લભભાઈ એમ. પટેલ | કડી |
| ઉપપ્રમુખ | : | શ્રી દિનેશભાઈ પટેલ (ભારત વિજય મિલ) | કલોલ |
| | | શ્રી મફતભાઈ પટેલ (પટેલ બ્રધર્સ) | યુ.એસ.એ. |
| | | શ્રી વિષ્ણુભાઈ પી. પટેલ | નારદીપુર |
| મંત્રીઓ | : | શ્રી ખોડભાઈ હરજીવનદાસ પટેલ | કડી |
| | | શ્રી મનુભાઈ બી. પટેલ (ડીંગુચા) | અમદાવાદ |
| | | શ્રી લેફ. કર્નલ હસમુખભાઈ એમ. પટેલ | અમદાવાદ |
| | | શ્રી અંબાલાલ એસ. પટેલ | વામજ |
| | | શ્રી ડૉ. ભરતભાઈ એ. પટેલ | ગાંધીનગર |
| | | શ્રી હસમુખભાઈ જી. પટેલ | અમદાવાદ |
| | | શ્રી રૂપેશભાઈ કે. પટેલ | અમદાવાદ |

**સભાસદો**

| | |
|---|---|
| શ્રી મોહનભાઈ બી. પટેલ | અમદાવાદ |
| શ્રી બળદેવભાઈ કે. પટેલ | કડી |
| શ્રી નટવરભાઈ બી. પટેલ | કરજીસણ |
| શ્રી શંકરલાલ એમ. ગુરુ | અમદાવાદ |
| શ્રી ડૉ. મણિભાઈ એસ. પટેલ | કડી |
| શ્રી વિઠ્ઠલદાસ માધવદાસ પટેલ | ગાંધીનગર |
| શ્રી ડૉ. જયંતિભાઈ એમ. પટેલ | કડી |
| શ્રી ડૉ. બાબુભાઈ એસ. પટેલ | કડી |

| | |
|---|---|
| શ્રી બિપીનભાઈ કાનજીદાસ પટેલ | અમદાવાદ |
| શ્રી ઘનશ્યામભાઈ બી. પટેલ | અમદાવાદ |
| શ્રી શૈલેષભાઈ દશરથભાઈ પટેલ | કડી |
| શ્રી વિઠ્ઠલભાઈ ખોડીદાસ પટેલ | સરસાવ |
| શ્રી કૌશિકભાઈ નટવરલાલ પટેલ | કડી |
| શ્રી નારણભાઈ અંબાલાલ પટેલ | મુંબઈ |
| શ્રી પ્રવિણભાઈ ઈશ્વરભાઈ પટેલ | અમદાવાદ |
| શ્રી રમેશભાઈ લાલજીભાઈ પટેલ | કડી |
| શ્રી મનુભાઈ અંબાલાલ પટેલ | અમદાવાદ |
| શ્રી નટવરલાલ બી. પટેલ | ગાંધીનગર |
| શ્રી મનુભાઈ જે. પટેલ | ચાણસ્મા |
| શ્રી મહેશભાઈ પોપટલાલ પટેલ | કડી |
| શ્રી ડૉ. રમણભાઈ જી. પટેલ | કડી |
| શ્રી અરવિંદભાઈ ત્રિભુવનદાસ પટેલ | ગાંધીનગર |
| શ્રી ડૉ. રામભાઈ એમ. પટેલ | કડી |
| શ્રી દિપમકુમાર કનુભાઈ પટેલ | સરઢવ |
| શ્રી કિરીટભાઈ આર. પટેલ | અમદાવાદ |
| શ્રી અનિલભાઈ બકેરી | અમદાવાદ |
| શ્રી જીવરામભાઈ એ. પટેલ | સુરત |
| શ્રી ડૉ. પી. કે. પટેલ | કડી |

હોદ્દાની રૂએ બધા મંડળોના મંત્રીશ્રીઓ ડાયરેક્ટરશ્રીઓ / આચાર્યશ્રીઓ / કો-ઓર્ડિનેટરશ્રીઓ - કડી અને ગાંધીનગર કેમ્પસનાં આચાર્યશ્રીઓ માધ્યમિક - પ્રાથમિક, કડી અને ગાંધીનગર કેમ્પસનાં

## શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી

## હોદ્દેદારો, વ્યવસ્થાપક મંડળના સભાસદો અને ઓડિટર્સ

## સને ૨૦૧૭ - ૨૦૧૮

| | | | |
|---|---|---|---|
| પ્રમુખ | : | શ્રી મોહનલાલ બી. પટેલ | અમદાવાદ |
| ચેરમેન | : | શ્રી વલ્લભભાઈ એમ. પટેલ | કડી |
| ઉપપ્રમુખ | : | શ્રી વિઠ્ઠલભાઈ હેમદાસ ચોકસી | અમદાવાદ |
| | | શ્રી મનુભાઈ અંબાલાલ પટેલ | અમદાવાદ |
| મંત્રીઓ | : | શ્રી ખોડભાઈ એચ. પટેલ | કડી |
| | | શ્રી ડૉ. મણિભાઈ એસ. પટેલ | કડી |
| | | શ્રી ડૉ. જયંતિભાઈ એમ. પટેલ | કડી |
| | | શ્રી કિરીટભાઈ આર. પટેલ | અમદાવાદ |
| | | શ્રી ડૉ. રમણભાઈ જી. પટેલ | કડી |
| | | શ્રી સંજયભાઈ એસ. પટેલ | કડી |

**વ્યવસ્થાપક મંડળ**

| | |
|---|---|
| શ્રી અમૃતભાઈ એસ. પટેલ | કલોલ |
| શ્રી જગદીશભાઈ એન. પટેલ | કડી |
| શ્રી દશરથભાઈ રામદાસ પટેલ | ઝુલાસણ |
| શ્રી ડૉ. રામભાઈ એમ. પટેલ | કડી |
| શ્રી ડૉ. કનુભાઈ ડી. પટેલ | અમદાવાદ |
| શ્રી રણછોડભાઈ અંબાલાલ પટેલ | કડી |
| શ્રી પ્રવિણભાઈ ઈશ્વરભાઈ પટેલ | અમદાવાદ |
| શ્રી વિઠ્ઠલભાઈ અંબાલાલ પટેલ | શેરથા |

| | |
|---|---|
| શ્રી કાનજીભાઈ કરશનભાઈ પટેલ | કડી |
| શ્રી વાસુદેવભાઈ હરજીવનદાસ પટેલ | કડી |
| શ્રી ઓધવજી જાદવજી પટેલ | અમદાવાદ |
| શ્રી શંકરલાલ એમ. ગુરુ | અમદાવાદ |
| શ્રી ભરતકુમાર લાલદાસ પટેલ | પલીયડ |
| શ્રી ભાવનાબેન જી. દેસાઈ | મુંબઈ |
| શ્રી નીરવભાઈ વી. પટેલ | અમદાવાદ |
| શ્રી મનુભાઈ જે. પટેલ | ચાણસ્મા |
| શ્રી કૌશિકભાઈ નટવરલાલ પટેલ | કડી |
| શ્રી ઈશ્વરભાઈ એમ. પટેલ | કડી |
| શ્રી વિષ્ણુભાઈ એમ. પટેલ | અમદાવાદ |
| શ્રી ડૉ. બાબુભાઈ એસ. પટેલ | કડી |
| શ્રી નારણભાઈ ગો. પટેલ | અમદાવાદ |
| શ્રી અંબાલાલ સોમનાથ પટેલ | વામજ |
| શ્રી રમેશભાઈ લાલજીભાઈ પટેલ | કડી |
| શ્રી અમૃતભાઈ કરશનદાસ પટેલ | અમદાવાદ |
| શ્રી કરશનભાઈ શંકરભાઈ પટેલ | વિસનગર |
| શ્રી વિક્રમભાઈ ડી. પટેલ | ઊંઝા |
| શ્રી અનિલભાઈ ટી. પટેલ | મહેસાણા |
| શ્રી મહેશભાઈ પી. પટેલ | કડી |

• • •

## નોંધ

# ગાંધીનગર કેમ્પસ
# ભવન પરિદ્રશ્ય





"આ સંસ્થાની મુલાકાત લેવા હું એક વર્ષથી આતુર હતો. આ સંસ્થા પાછળ છગનભાઈ વગેરે વ્યક્તિઓ પોતાનું સર્વસ્વ રેડી રહી છે એ સાંભળ્યું ત્યારથી અહીં આવી જવાનું મન થયું હતું. આ સંસ્થાને કડીના શહેરીઓ અને વડોદરા રાજ્યના લોકો રક્ષો અને પોષો એ ઈચ્છવા જોગ છે. અહીં તમારાં છોકરાંને મોકલવા તૈયાર થાઓ તો તે સારી કેળવણી પામી શકે છે. અક્ષરજ્ઞાન કરતાં પણ વધુ મૂલ્યવાન આચાર અને વિચારની શુદ્ધિ તેમને અહીં મળશે. આ સંસ્થાના નિવેદનની સરળતા અને શુદ્ધતાને સારું હું મંત્રીને, સંચાલકોને ધન્યવાદ આપવા ઈચ્છું છું."

- ગાંધીજી

"ગઈ કાલે રાત્રે મને તમારી સંસ્થા બંડખોર છે તેવું જણાવવામાં આવ્યું અને મેં તમારી સંસ્થાની મુલાકાત રદ કરી હતી. પણ સવારના ફરવા નીકળ્યો અને મનમાં થયું કે મારે આ બંડખોર સંસ્થા જોવી. મેં બારીકાઈથી બધું જોયું. મને લાગે છે કે આને મારા અમલદારો બંડખોર કહેતા હોય તો હું ઈચ્છું છું કે આવાં બંડ મારા રાજ્યમાં ગામેગામ થાય. મેં નવસારી, અમરેલીમાં આવી સંસ્થા ઊભી થાય તેવાં સ્વપ્નાં સેવ્યાં પણ હું નિષ્ફળ ગયો. અહીં મારું સ્વપ્નું સાકાર થતું જોઉં છું."

- મહારાજા સયાજીરાવ ગાયકવાડ

